અરવલ્લી જિલ્લા વન તંત્રની ઘોર બેદરકારીથી વૃક્ષ છેદન માફિયાઓ બેફામ

માલપુર મામલતદારે ટેમ્પોમાંથી લાકડાનો જથ્થો ઝડપ્યો : ૪ હજાર રૂપિયા દંડ લઈ છોડી દેવાતા અચરજ

અરવલ્લી, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના સરકારી જંગલોની જમીનો ઉપરાંત ગ્રામ પંચાયતો હસ્તકની સરકારી ગૌચર અને સરકારી જમીનો ઉપરાંત ખેડૂતોની ખેતીલક્ષી જમીનોમાંથી છેલ્લા ઘણા સમયથી કેટલાક ઈમારતી અનામત વૃક્ષો અને કેટલાક બિન અનામત વૃક્ષોનું છેદન થઈ રહ્યુ છે. જિલ્લાના જંગલો અને સરકારી જમીનોમાંથી લીલાછમ વૃક્ષોનું ખુલ્લેઆમ અને બેરોકટોક નિકંદન નીકળી રહ્યું છે. રોજના જિલ્લામાંથી ૨૦ થી ૨૫ ટેમ્પા અને ટ્રેક્ટરો દ્વારા લીલા વૃક્ષો કાપી સો-મીલો અને લાટીઓમાં ઠલવાઈ રહ્યા છે. છતાં તંત્રની ચૂપકીદી અનેક પ્રશ્નો સર્જી રહ્યુ છે. આ માટે વન વિભાગ કે મામલતદારોની પરવાનગી સુદ્ધા લેવાતી નથી. થોડાક સમય અગાઉ હમારાજમાં મસ્ત બનેલા વનવિભાગ તંત્રના આર.એફ.ઓ. મોડાસા એલસીબી ઓફિસે લાંચ રૂશ્વત લેતા રંગેહાથે ઝડપ્યા હોવા છતાં વન વિભાગ તંત્ર હમારાજ હેઠળ બેરોકટોક વૃક્ષછેદન માફિયાઓને છાવરી રહ્યુ છે. રવિવારે રાત્રે માલપુર મામલતદારે સાતરડા બાયપાસ નજીકથી ગેરકાયદેસર લાકડા ભરી જતા ટેમ્પાને ઝડપી પાડી ૪ હજાર રૂ. દંડ લઈ છોડી દેવાતા અચરજ ફેલાયુ હતુ.

આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ માલપુર તાલુકાના મામલતદાર રવિવારે રાત્રે સરકારી કામકાજ અર્થે નીકળ્યા હતા ત્યાંજ સાતરડા ચાર રસ્તા નજીક (બાયપાસ) એક ટેમ્પામાં બાવળના લાકડા ભરેલા ટેમ્પોને કોઈ પણ જાતની પરમીટ વગર ગેરકાયદેસર લાકડાનો જથ્થો વહન કરતો ઝડપી પાડી

ટેમ્પો (ગાડી નં. જીજે.૧૭.એક્સ. ૯૩૦૬ને ઝડપી પાડી ટેમ્પા ચાલક સહિત ટેમ્પોને સીઝ કરી મામલતદાર કચેરીએ લાવી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી ટેમ્પાચાલક પાસેથી ૪ હજાર રૂપિયા દંડ વસુલી જવા દીધો હતો. ટેમ્પામાં ભરેલા બાવળ તેમજ સામાન્ય પ્રકારના લાકડાનો જથ્થો શીણવાડ નજીકથી ભરી લાવી સોમપુર થઈ બાયડ પહોંચાડવાનો હતો તેવુ મામલતદાર કચેરીના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ.

છેલ્લા દસ પંદર વર્ષથી ઉગાડવામાં આવેલા વૃક્ષો અને જંગલમાં પરિપકવ અને તોતિંગ થયેલા વૃક્ષોની દાણચોરી થવા લાગી છે. ઘણા સમયથી કેટલાક કુખ્યાત બનેલા લાકડાના દાણચોરો સ્થાનિક વનવિભાગ તંત્રની મીલીભગતના કારણે બારોબાર સરકારના રીઝર્વ ફોરેસ્ટમાંથી સરકારી જમીનો અને ગૌચરમાંથી કિંમતી લાકડાઓ રાત્રીના સમયે કાપી તેને ટેમ્પો, ટ્રકો અને ટેક્ટરોમાં ભરીને દાણચોરી કરી જતા હોવાની ફરિયાદ ઉઠી છે. આ લાકડા જિલ્લાના તદ્ઉપરાંત અમદાવાદ, ખેડા, જિલ્લામાં સો-મીલ ચલાવતા લોકોને બારોબાર વેચી મારવામાં આવી રહ્યાની બૂમ ઉઠી છે. છતાં વનવિભાગ તંત્ર સબ સલામતની બૂલબાંગો પોકારી સૂચક મૌન ધારણ કરી બેસી રહ્યું છે.

મેઘરજ તાલુકાના ખોખરીયા પાસે પેસેન્જર છકડો અને છોટા હાથી વચ્ચે અકસ્માત : ૧૪ ઈજાગ્રસ્ત, બે ગંભીર

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ખોખરીયા પાસે રવિવારના રોજ પેસેન્જર છકડો અને છોટાહાથી સામસામે આવી જતાં છોટા હાથીના ચાલકે છકડાને બચાવવા જતાં છોટા હાથીએ પલ્ટી મારતા કુલ ૧૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મેઘરજ તાલુકાના બોરખાડ, મોટી મોરી અને આજુબાજુના લોકો રવિવારના રોજ છોટાહાથીમાં બોરસી લોકાચારમાં જઈ પરત આવતા હતા ત્યારે ખોખરીયા પાસે છોટાહાથી રસ્તા પર ચડવા જતા સામેથી છકડો આવી જતાં છોટાહાથીના ચાલકે છકડાને બચાવવા જતાં સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા છોટાહાથી રોડ સાઈડમાં પલ્ટી મારી જતા કુલ ૧૪ લોકોને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ની બે ટીમો દ્વારા ત્રણ ટ્રીપો મારી સારવાર અર્થે મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં એક વૃદ્ધ મહિલા અને એક ઈસમ અતિ ગંભીર અને ત્રણ લોકોને ગંભીર ઈજાઓ જણાતા કુલ પાંચ ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે મોડાસા રિફર કરાયા હતા.

ઈડર વિધાનસભા નિરીક્ષક તરીકે નિમાયા

ભિલોડા,તા.૨૭

ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ, આદિવાસી સમાજ

સહિત દરેક સમાજના પડતર પ્રાણ પ્રશ્નોને વાચા આપનાર યુવાન, ઉત્સાહી રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીને ઈડર વિધાનસભા મતવિસ્તાર નિરીક્ષક પદે નિમણુંક કરાતાં જીલ્લાભરના કોંગ્રેસ, એસ. ટી. સેલના હોદ્દેદારો, કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અરવલ્લી સોસાયટી વિસ્તાર વિકાસ મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રહેણાંક વિસ્તારો અને સોસાયટીઓમાં વરસાદી પાણીના નિકાલ માટે નક્કર પગલા ન લેવાતા શહેરીજનો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા બસસ્ટેન્ડ પાછળ અને જુની જિલ્લા કલેક્ટર કચેરી માર્ગ પર દિવસભર સતત વાહનોની અવર-જવરથી ટ્રાફિક જામના દશ્યો માથાના દુ:ખાવા સમાન બની રહ્યા છે. તદ્ઉપરાંત બસસ્ટેન્ડ પાછળની સોસાયટીઓમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે વરસાદ વરસતાની સાથે જ તળાવમાં ફેરવાઈ જતા આ અંગે યોગ્ય નિકાલ કરવા માટે સોમવારે અરવલ્લી સોસાયટી વિસ્તાર વિકાસ મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સોસાયટી વિસ્તારના પ્રાણપ્રશ્નો માટે રજૂઆત કરી હતી.

મોડાસા શહેરને જિલ્લાનુ મુખ્યમથક જાહેર કર્યા બાદ શહેરના ટ્રાફિકમાં મોટા પ્રમાણમાં સતત વાહનોની અવર-જવરના પગલે વધારો જોવા મળે છે. મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળ મોટી સંખ્યામાં હોસ્પિટલો આવેલી હોવાથી દર્દીઓના વાહનો અને એમ્બ્યુલન્સથી સતત ધમધમતા મોડાસાના હાર્દસમા માર્ગ પર વારંવાર ટ્રાફિકજામના દશ્યો સર્જાતા બસસ્ટેન્ડ પાછળની સોસાયટીના રહીશો ટ્રાફિકની સમસ્યાથી તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે ટ્રાફિકની સમસ્યા હલ કરવા નવીન બસસ્ટેન્ડના સુચિત ૧૨ મીટરના

રસ્તા સાથે આ માર્ગને જોડવા માટેની માંગ સાથે જોડવામાં આવે તો ટ્રાફિકની સમસ્યાનુ નિરાકરણ લાવવાની રજૂઆત કરી હતી. તદ્ઉપરાંત બસસ્ટેન્ડ પાછળ જુની કલેક્ટર કચેરીવાળા રોડ પર ચોમાસામાં વરસાદી પાણી ભરાતા રીતસરની તળાવમાં ફેરવાઈ જતી હોવાથી અને સુચિત નવા એસટી સ્ટેન્ડમાંથી વરસાદી પાણીના નિકાલ માટે એસટી સ્ટેન્ડના પાછળના ભાગે ગંદા પાણી સતત ભરાઈ રહેતા અને ગટરનું પાણી ઠલવાતા સોસાયટીના રહીશોના આરોગ્ય સાથે ગંભીર સમસ્યા પેદા થતા બસસ્ટેન્ડમાં જવાબદારતંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરી સ્વચ્છ રાખવા જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને અરવલ્લી સોસાયટી વિસ્તાર વિકાસ મંડળના સદસ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આવેદનપત્ર આપી તેમને પડતી તકલીફો અંગે યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

અરવલ્લી સોસાયટી વિસ્તાર વિકાસ મંડળના દિલીપભાઈ પટેલે સોસાયટીના રહીશો અને આ વિસ્તારના ૧૮૦૦૦ જનતાને સ્પર્શતા ટ્રાફિકના અને વરસાદી પાણીના નિકાલ માટે ઝડપથી કાર્યવાહિ કરવાની અને આરોગ્ય જોખમાય તેવી ગંદકી બસસ્ટેન્ડ વિસ્તારમાંથી દૂર કરવા સત્વરે માંગ કરી હતી.

મેઘરજમાં મહિલાની છેડતી બાબતે બે સામે પોલીસ ફરિયાદ

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં રવિવારના રોજ રાત્રીએ એક લઘુમતી કોમની મહિલાની છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ બે ઈસમો વિરૂદ્ધ મેઘરજ પોલીસમથકે છેડતી અને જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. મેઘરજના ઘાંચીવાડામાં રહેતા સોહાનાબેન સલાઉદ્દિન ભાયલા રવિવારના રોજ રાત્રે નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા તે અરસામાં મેઘરજના બે ઈસમો તેમના ઘરે જઈ મા-બેન સામે ગાળો બોલી કહેતા હતા કે તારા પતિએ અમારા છોકરાને બે ચાર દિવસ અગાઉ કેમ મારેલો તેવું કહી ગાળાગાળી કરતા હતા અને સોહાનાબેને બે ઈસમોને ગાળો બોલવાની ના પાડતા બે ઈસમોએ સોહાનાબેન સાથે જપાજપી કરી પહેરેલા કપડાની ખેંચતાણ કરી છાતીના ભાગે હાથ નાખી છેડછાડ કરી તેમની આબરૂ લેવાની કોશિશ કરતાં સોહાનાબેને બુમાબુમ કરતા આજુબાજુના માણસો દોડી આવતા બન્ને ઈસમો ત્યાથી જતા રહ્યા હતા અને જતા જતા સોહાનાબેનને કહેતા હતા કે આજે તો તુ બચી ગઈ છે પરંતુ એકલ દોકલ મળીશ તો તારી આબરૂ લઈને જ જંપીશુ અને તારા ઘરવાળાને જાનથી મારી નાખીશુ તેવુ કહી ધમકી આપતા સોહાનાબેન સલાઉદ્દિન ભાયલા રહે. ઘાંચીવાડાએ રવિવારના રોજ રાત્રે બે ઈસમો વિરૂદ્ધ છેડતી અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ મેઘરજ પોલીસ મથકે નોંધાવતા મેઘરજ પોલીસે ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા તાલુકા પંચાયતનું ૧૯.૩૩ કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકા પંચાયત કચેરી સભાખંડમાં પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરાતાં પ્રજાજનમાં આનંદની લાગણી પ્રસરી છે. શિક્ષણ, પશુપાલન, ખેતીવાડી સહિત યોજનાઓવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયત વર્ષ૨૦૧૬-૧૭નું સુધારેલ અને વર્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર માટેની બેઠક તાલુકા પંચાયત સભાખંડમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, ટી.ડી.ઓ. સહિત વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતીમાં રૂા.૧૯.૩૩ કરોડ ની વિવિધ યોજનાઓનું આયોજન કરી સર્વાનુમતે પરાંતવાળુ બજેટ મંજુર કરાયું હતું.

તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન વનરાજભાઈ ડામોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ટી.કે.પાંડોર, ટી.ડી.ઓ. આર.કે.પટેલ, બાંધકામ શાખા બી.એમ.ભાટીયા, વિસ્તરણ શાખા સુરેશભાઈ સુથાર, સુનિલભાઈ શાહ, નાયબ હિસાબનીશ સહિત અધિકારીઓ ધ્વારા પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે રજુ કરાયું હતું. શિક્ષણક્ષેત્રે રૂા.૩૦,૦૦૦, પશુપાલન માટે રૂા.૧૦,૦૦૦, ખેતીવાડી માટે રૂા.૭૦,૦૦૦, સમાજ કલ્યાણ માટે રૂા.૧૫,૦૦૦, કુદરતી આફતો માટે રૂા.૧,૦૦,૦૦૦ કુલ રૂા.૧૯.૩૩ કરોડનું જોગવાઈઓ વાળુ બજેટ મંજુર કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયતનું બજેટ રજુ કરાયું ત્યારે તાલુકા પંચાયત સદસ્યો, વિવિધ શાખાઓના અધિકારીઓની ઉપસ્થિતીમાં બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું.

કમાલપુર અને પ્રાંતિજ ખાતે ભાજપનું પેજ પ્રમુખ સંમેલન યોજાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભાજપનું પેજ સંમેલન યોજાયું હતું જેમાં કમાલપુર ખાતે તાલુકા કક્ષાનું અને પ્રાંતિજ ખાતે શહેરકક્ષાનું સંમેલન યોજાયું હતું. પ્રાંતિજના કમાલપુર ખાતે ભાજપ દ્વારા તાલુકાકક્ષાનું પેજ પ્રમુખ સંમેલન યોજાયું હતું. જેમાં તાલુકા કક્ષાએ ભાજપમાં પૂર્વ પ્રમુખો જીલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યોનું આવનાર મહેમાનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે કોંગ્રેસના દસ કાર્યકરો ભાજપમાં કેસરીયો ખેસ પહેરીને વિધિવત્ જોડાયાં હતાં. જયારે પ્રાંતિજ શેઠ.પી.એન્ડ.આર હાઈસ્કૂલના ગાર્ડનમાં શહેર ભાજપનું પેજ પ્રમુખ સંમેલન યોજાયું હતું જેમાં પ્રાંતિજ નગર પાલિકાના ભાજપના પૂર્વ પ્રમુખો તથા પ્રમુખ તથા સદસ્યોનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ મંહામંત્રી ભીખુભાઈ દલસાણી, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જયેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ, શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, તાલુકા મંત્રી બળવંતભાઈ પટેલ, શહેર મંત્રી જીગ્નેશભાઈ પંડયા, સોનલબેન મોદી, પ્રદિપસિંહ રાઠોડ સહિત ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાઈ ગઈ નેશનલ સોલર વેહિકલ ચેલેન્જ

દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલી ૧૧ ટીમના ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓએ સોલાર કાર રેસમાં ભાગ લીધો

રાજ્યની પ્રથમ હરોળની અને હાઈટેક શૈક્ષણિક સંસ્થા તરીકે પ્રતિષ્ઠા પામેલી ગણપત યુનિવર્સિટીની યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના યજમાન પદે વિતેલા સપ્તાહની તા. ૨૧થી ૨૪ દરમિયાન એક અનોખો જ ટેક-ફેસ્ટ ઉજવાઈ ગયો. જેનું નામ છે 'નેશનલ સોલાર વેહિકલ ચેલેન્જ: ૨૦૧૬-૧૭. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓમાં અભ્યાસ, સંશોધન અને કશુંક નવું કરવાની વૃત્તિ અને ક્ષમતા વિકસે તે માટેની તકો પુરી પાડવા માટે આવા આયોજનો થતા હોય છે. જ એક પ્રયાસ રૂપે યોજાયેલી 'નેશનલ સોલર વેહિકલ ચેલેન્જ-૧૬-૧૭' સ્પર્ધામાં દેશના પાંચ રાજ્યોની ૧૧ જેટલી એન્જિ. કોલેજના ૨૫૮ જેટલાં વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મક શક્તિનો શ્રેષ્ઠ વિનિયોગ કરીને વિકસાવેલી ૧૧ સોલાર કાર સાથે સ્પર્ધામાં ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ નેશનલ લેવલની અને ગુજરાતમાં સૌ પ્રથમવાર યોજાઈ ગયેલી સોલાર વેહિકલ ચેલેન્જ સ્પર્ધાની મુખ્ય સહયોગી 'ડાયનેમિસ્ટ મોટર સ્પોર્ટસ' સંસ્થા રહી હતી.

ગઈ તા. ૨૬મીના રોજ ગણપત યુનિવર્સિટીના જે કેમ્પસમાં વિકસાવાયેલા એક કિલો મીટર લાંબા રૂટ ઉપર રેસની ફાઈનલ યોજાઈ હતી. જેમાં દરેક ટીમને સવા કલાક જેટલો સમય આપવામાં આવ્યો હતો. ગણપત યુનિ.ના એન્જિ.ના વિદ્યાર્થીઓ, મહેમાન યુવા પ્રતિભાઓ, પ્રધ્યાપકો, સહિત ૧૫૦૦ જેટલા લોકોએ તાળીઓ અને ચીચીયારીઓ સાથે રેસ કારના સ્પર્ધક વિદ્યાર્થીઓને ભરપૂર પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. આ અવસરે મુખ્ય મહેમાન અને ગુજરાત રાજ્યના ખેતી અને ઉર્જા વિભાગના કેબિનેટ મંત્રી ચિમનભાઈ સાપરિયા, ગણપત યુનિવર્સિટીના સ્થાપક-ટ્રસ્ટી અને પ્રમુખ અનિલભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, રજિસ્ટ્રાર ડૉ. અમિતભાઈ પટેલ તેમજ યુ.વી. પટેલ કોલેજ ઓફ ડીન પ્રો. ડૉ. કિરણ અમીન સહિત અનેક મહાનુભાવોએ પણ સોલાર કાર-રેસનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરાં પાડ્યા હતા.

કાર-રેસ બાદ યોજાયેલા સમાપન સમારંભમાં વિજેતા ટીમોને વિવિધ શ્રેનીઓમાં તેમણે હાંસલ કરેલી સિદ્ધિઓ માટે પુરસ્કારો તેમજ ટ્રોફીઓ એનાયત કરવામાં આવ્યા હતા. સોલાર એનર્જી (સૂર્ય-શક્તિ)ના શ્રેષ્ઠ વિનિયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ તમામ ફોર વ્હીલ અને સિંગલ સીટર કાર-વેહિકલમાં કેરાળાની અમ્રિતા વિશ્વ વિદ્યાપીઠની 'મેપરિક' ટીમને (વેહિકલ નં. ૦૬) 'ચેમ્પિયન' તરીકેનું પહેલા નંબરનું ઈનામ પ્રાપ્ત થયું હતું. જેમાં એમને ટ્રોફી ઉપરાંત રૂપિયા એક લાખનું રોકડ ઈનામ પણ એનાયત થયું હતું.

તો રનર્સ અપ તરીકેનું બીજા ક્રમનું ઈનામ મહારાષ્ટ્ર સંજીવની કોલેજ ઓફ એન્જિનિયરિંગની 'સેન્ટોરસ' ટીમને અને બીજું રનર-અપ પ્રાઈઝ પિંપરી

ચિંચવડ કોલેજ ઓફ એન્જિનિયરિંગની 'સોલારિયમ' ટીમને એનાયત થયું હતું. આ ઈનામોમાં પણ ટ્રોફી ઉપરાંત રૂપિયા ૫૦ હજારના રોકડ પુરસ્કારનો પણ સમાવેશ થાય છે. પંજાબની આર.આઈ. એમ.ટી.ની ટીમ માત્ર છોકરીઓની બનેલી હતી જેને 'સોલાર એન્ડ્યુરન્સ' કેટેગરીમાં રનર-અપ તરીકેનું ઈનામ મળ્યું.

સમાપન સમારંભના મુખ્ય મહેમાન તરીકે પધારેલા ગુજરાત રાજ્યના કૃષિ અને ઉર્જા મંત્રીએ સોલાર એનર્જીના ક્ષેત્રે દેશમાં ગુજરાત કઈ રીતે પ્રથમ છે અને સોલાર મોટર વેહિકલ ચેલેન્જ જેવા કાર્યક્રમો કઈ રીતે વિદ્યાર્થીઓની કારકિર્દીમાં ઉપયોગી ગણાય તે વિષે પોતાના મૂલ્યવાન વિચારો વ્યક્ત કર્યા હતા. ઉર્જામંત્રી ચિમનભાઈ સાપરિયા, પૂર્વ ઉદ્યોગ મંત્રી અનિલભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, ડાયનેમિસ્ટ મોટરસ્પોર્ટસના ડિરેક્ટર અમિત મલ્હોત્રા સહિતના મહેમાનોને હસ્તે ઈનામોનું વિતરણ થયું હતું.